## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




અમારી પાર્ટીમાં આવવાનો તમને બીજો ફાયદો એ છે કે... ઊંધુ મારો ત્યારે અમે ગાળોમાં ગુજરાતી ભાષા જ વાપરીએ છીએ જેથી તમને સ્પષ્ટ સમજાય...!!

# ગાંધીનગરમાં 'માતૃભાષા મહોત્સવ' ઉજવાયો



ગુજરાત સરકારનાં રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનાં વિભાગ હેઠળની ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાતનાં ૩૩ જિલ્લાઓમાં ૫૧ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. એક સાથે ૫૧ સ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં ગુજરાતનાં ૨૦૦ જેટલા મૂર્ધન્ય સાહિત્યકારોએ માતૃભાષાનું મહિમાગાન કર્યું હતું. ગુજરાતનાં કચ્છથી લઈ ડાંગ, બનાસકાંઠાની સરહદ સુધી શૈક્ષણિક અને સાહિત્યિક સંસ્થાઓમાં માતૃભાષા મહોત્સવ ભવ્ય-દિવ્ય રીતે યોજાયો હતો. ૨૦મી ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર ખાતે આ માતૃભાષા મહોત્સવનો રાજ્યકક્ષાનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. જેમાં ગ્રામ વિકાસ મંત્રી અર્જુનસિંહ ચૌહાણ, અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યા, ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ જયશંકર રાવલ અને ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ હિંમાશુ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતના ૭૦ જેટલા સાહિત્યકારોને શ્રેષ્ઠ પુસ્તક પારિષોતિક એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ અન્વયે યોજાયેલ 'કાવ્ય સંગીત સમારોહ'માં જાણીતા કલાકાર પ્રહર વોરા અને ગાર્ગી વોરાએ માતૃભાષાનો મહિમાગાન કરતા ગીતોની સુંદર પ્રસ્તુતિ કરી હતી. અકાદમી દ્વારા યોજાયેલ 'મારા હસ્તાક્ષર, મારી માતૃભાષા' અભિયાનમાં પણ અનેક લોકોએ માતૃભાષામાં હસ્તાક્ષર કરવાની સંકલ્પ લીધા હતા. માતૃભાષા મહોત્સવની અધ્યક્ષતા અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યાએ કરતાં જણાવ્યું હતું કે 'અકાદમી દ્વારા ગુજરાતી ભાષાની વંદના કરતી આ કાર્યક્રમ એ માતૃભાષા પ્રેમનો માહોલ બનાવવા માટેનો અમારો નમ્ર પ્રયાસ છે. ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવે માતૃભાષા મહોત્સવ અંગેની વિગતો પુરી પાડી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ખૂણેખાંચરેથી

- ખેડૂતોને સ્માર્ટ ફોન વિતરણ અંગેનો કાર્યક્રમ ૨૩મીએ યોજાવાનો હોવાથી તંત્રએ તેની તૈયારીઓ આરંભી દીધી છે.
- ગરીબ કલ્યાણ મેળાના આયોજનને લઈ અધિક નિવાસી કલેક્ટર સુશ્રી રિતુ સિંઘના અધ્યક્ષપદે આજે મહત્વની બેઠક મળી હતી.
- ગાંધીનગરની પ્રસિદ્ધ પી.ડી.પી.યુ.ના વડા તરીકે પૂર્વ નાણાં સચિવ હસમુખ અઢિયાની નિમણુંક કરવામાં આવી છે.
- સે. ૨૧માં આજે વીજળી વેરણ થતાં બજારો સુમસામ બન્યા હતા.
- ગાંધીનગરના આગેવાનો ભાજપમાં જોડાવાના હોવાથી સે. ૨૨ માં આજે બપોરે ગાડીઓનો ખડકલો રંગમંચ પાસે થયો હતો.
- લોક રક્ષક ભરતીની શારીરિક કસોટીનું પરિણામ આજે જાહેર થયું છે.
- ૮ સનદી અધિકારીઓ એવા છે કે જેમને બે વર્ષમાં બે વખત કોરોનાથી સંક્રમિત થયા છે. જ્યારે વિભાગોના સિનીયર-જુનિયર સંવર્ગના ૩૨ અધિકારીઓ એવા છે જેઓએ વેક્સિનના બન્ને ડોઝ લીધા પછી પણ સંક્રમિત થયા છે.
- એડીશનલ કલેક્ટરો અને એડીશનલ કલેક્ટરમાંથી સનદી સેવામાં પસંદગી પામેલા અધિકારીઓની બદલીને લઈ સચિવાલયમાં ચર્ચાઓ શરૂ થઈ છે.
- દહેગામ શહેરના બસસ્ટેન્ડ નજીક ખાડા-વિસ્તારમાં આજે પથ્થરમારાની ઘટના બની હતી અને સાત જેટલા લોકોને ઈજાઓ પહોંચી હતી.
- કઠવાડાથી વટવા જતી મહિલાની થેલીમાંથી રૂ. ૨.૫૦ લાખના દાગીનાની ચોરી થતાં દહેગામ પંથકની મહિલાઓમાં ભયની લાગણી પ્રસરી જવા પામી છે.
- ઈન્દ્રોડાની સરકારી પ્રા. શાળામાં સ્પોર્ટસ ડે ની ઉજવણી કરવામાં આવી છે.
- કમિશનર ડૉ. ધવલ પટેલે આજે સાપ્તાહિક સમીક્ષા બેઠક શાખાધિકારીઓ સાથે યોજી હતી.

# આપણે માધ્યમ અને જ્ઞાન વચ્ચેનો ભેદ કરી શક્યાં નથી

**'વિશ્વ માતૃભાષા દિન' નિમિત્તે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં યોજાયેલા કાર્યક્રમમાં જાણીતા સાહિત્યકાર ભાગ્યેશ જહાની માર્મિક ટકોર : વિવિધ વયજૂથના ૩૬ જેટલા વિજેતા સાહિત્યસર્જકોને રૂ. ૨.૭૬લાખના પુરસ્કારોથી પુરસ્કૃત કરાયાં**

ગાંધીનગર તા.૨૧

'આપણે માધ્યમ અને જ્ઞાન વચ્ચેનો ભેદ કરી શક્યાં નથી' તેવી માર્મિક વાત આજે 'વિશ્વ માતૃભાષા દિન' નિમિત્તે સેક્ટર-૨૦માં ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનહ્નના અધ્યક્ષ અને સુખ્યાત સાહિત્યકાર ભાગ્યેશ જહાએ કહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમમાં યુનિવર્સિટી દ્વારા આયોજિત 'બાળવાર્તા, બાળગીત, હાલરડાં અને બાળનાટક સર્જનસ્પર્ધા'માં વિવિધ વયજૂથના ૩૬ જેટલા વિજેતા સાહિત્યસર્જકોને કુલ રૂપિયા ૨ લાખ ૭૬ હજારના ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

ગાંધીનગર ખાતેની ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં આજે 'વિશ્વ માતૃભાષા દિન' નિમિત્તે માતૃભાષાવંદના અને તેના ગૌરવગાન માટે 'મારું ઘર બને ગુજરાતી ' નામે એક કાર્યક્રમ યોજાયો હતો જેમાં ઉપસ્થિત ભાગ્યેશ જહાએ તેમની માર્મિક અને લાક્ષણિક ઢબમાં કહ્યું હતું કે "ભાષા તેના ભાષિકોથી છે, ભાષાને ટકાવવાની જવાબદારી સમાજની છે. માતૃભાષા એ આપણી ઓળખ છે, અસ્મિતા છે, ઈન્ડેક્ષ છે. ભાષાનું કામ સંવાદનું છે અને તે સંવાદ ત્યારે જ પરિપૂર્ણ બનશે જ્યારે તેમાં કન્ટેન્ટ હશે". આ સાથે ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહે કહ્યું હતું કે "ગુજરાતી ભાષા એક વૈજ્ઞાનિક ભાષા છે જે પાણિનીના વ્યાકરણ પરથી ઉતરી આવી છે.

ગુજરાતી ભાષા સંસ્કૃતિ અને સંસ્કાર સાથે વણાયેલી છે. સરકારનો નિર્ણય આવકારદાયક છે પરંતુ આપણે પણ જાગૃત થવું પડશે. રાજશક્તિ સાથે લોકશક્તિ પણ જરૂરી છે". કાર્યક્રમમાં ગુજરાતી સાહિત્યમાં રસ-રુચિ ધરાવતા ભાષાપ્રેમીઓ, સાહિત્યકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં તેમજ કાર્યક્રમનું ઓનલાઈન લાઈવ પ્રસારણ પણ કરાયું હતું. કાર્યક્રમમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિ, ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. ભાવેશભાઈ જેઠવા પણ ઉપસ્થિત હતાં જ્યારે કાર્યક્રમના સંયોજક તરીકે ગુજરાતી વિભાગના ડૉ. સંજય પટેલે ભૂમિકા નિભાવી હતી.






હાલમાં શહેરમાં વૃક્ષો પરથી પાંદડાઓ ખુબ ખરી રહ્યા છે. સવારે પાંદડાઓ હટાવ્યા હોય તો બપોરે ફરીથી પાંદડાઓનો ઢગલો થઈ જાય છે. સફાઈકર્મીઓ પાંદડાઓના કચરાને એકત્ર કરી કરીને થાકી જાય એટલો કચરો એકત્ર થાય છે. પાંદડાઓના કચરાને ઉપાડવાની વ્યવસ્થા ઝડપી બનાવાય તેવી વસાહતીઓની માંગ છે.

# ક-૭ કમલ મોટર્સ પાછળ ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૬ ઝડપાયા

ગાંધીનગર,તા.૨૧

શહેરના ક-૭ કમલ મોટર્સ ગેરેજ પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં બાજી માંડીને બેઠેલા ૬ શકુનીઓને રોકડ રૂ.૧૫,૫૦૦ની મત્તા સાથે એલસીબી-૨ પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૨ પોલીસના જવાનો શહેરી વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે સમયે ખ-૭ સર્કલ નજીક ફાટક પાસે આવતા રાકેશસિંહ મુકેશસિંહ બાતમી મળી હતી કે ક-૭ કમલ મોટર્સ નજીક ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેને પગલે પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા ગોળ કુંડાળુ વળીને જુગાર રમી રહેલા શખ્સોમાં દોડધામ મચી ગઈ હતી. જો કે પોલીસે તમામ શખ્સોને કોર્ડન કરી પકડી પાડ્યા હતા. જેમાં સેકટર-૨૮ ચરેડી છાપરા ખાતે રહેતો ૨૧ વર્ષિય આસીફ ઈમ્તીયાઝ મલેક, સેકટર-૨૯ પ્લોટ નં.૫૫૩-૨ ખાતે રહેતો ૩૧ વર્ષિય મોહમદ સલમાન સલીમભાઈ શેખ, ઈમરાન સલીમ શેખ (ઉં.૩૩,પ્લોટ નં.૫૫૩-૨ સેક્ટર-૨૯), ચરેડી છાપરા ખાતે રહેતો લીયાકતખાન મલેક, પેથાપુર મુલચંદપાર્ક ખાતે રહેતા ૩૪ વર્ષિય આફતાબ હકીમભાઈ મનસુરી અને સેકટર-૨૯ પ્લોટ નં.૬૧૦ ખાતે રહેતા ૩૩ વર્ષિય મોહમંદ આરીફ ઉમેદઅલી સૈયદ નો સમાવેશ થાય છે. જયારે પોલીસને દાવ પરથી તેમજ જુગારીઓની અંગજડતી દરમિયાન રોકડા રૂ.૧૫,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સાર્થ જોડણીકોશમાં પણ જોડણીમાં ભૂલો હોવાનો ગાંધીનગરના અધ્યાપકનો દાવો

ગાંધીનગર, તા. ૨૧

જોડણી અંગે સાર્થ જોડણી કોશ સર્વસ્વીકૃત માન્યતા ધરાવે છે. કવિઓ કેટલીકવાર કવિછૂટના નાતે જોડણી સાથે છૂટછાટ લેતા હોય છે તે એક અલગ બાબત છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં વિવાદ થતાં સાર્થ જોડણીકોશની જોડણી સ્વીકારવામાં આવે છે. પરંતુ સાર્થ જોડણીકોશ સંવર્ધિત આવૃત્તિ-૨૦૧૭માં શબ્દોની જોડણી ખોટી અક્ષર અકાદમીના ડાયરેક્ટર ડૉ. બી.સી. રાઠોડે દાવો કર્યો છે. ડૉ. રાઠોડના જણાવ્યાં અનુસાર સાર્થ જોડણી કોશમાં ખાસ કરીને જોડાક્ષરની સાથે રેફ આવતા શબ્દોની જોડણી ખોટી છે.

પાન નં. ૧૦૩ પરની 'આર્ટ્સ', પાન નં. ૧૯૯ પરની 'કર્ફ્યુ', પાન નં. ૭૨૬ પરની 'બિલિયર્ડઝ' અને પાન નં. ૮૦૫ પરની 'માર્ક્સ', 'માર્કસવાદી' અને 'માર્ક્સવાદ'ની જોડણી ખોટી છે. 'રેફ' ક્યારેય અર્ધા અક્ષર પર આવતો નથી. તેથી 'આર્ટસ' એ ખોટી જોડણી છે, સાચી જોડણી 'આટ્ર્સ' છે. ભાષા નિયામકની કચેરીના પુસ્તકે 'ગુજરાતી ભાષા સૌંદર્ય' પાના નં. ૪૦ પર તેનો સંદર્ભ ઉપલબ્ધ છે. સાચી જોડણી 'આટ્ર્સ', 'કફ્ર્યુ', 'બિલિયડ્ર્ઝ', 'માક્ર્સ', 'માક્ર્સવાદી' અને 'માક્ર્સવાદ' છે. વળી, સાર્થ જોડણીકોશમાં આ રીતે 'અર્ઘ્ય', 'નિર્વ્યાજ' 'વર્જ્ય' શબ્દો આપેલા છે જ.

સાર્થ જોડણી કોશના પાના નં. ૮૧૦ પર 'મિટિંગ' છે. સાચી જોડણી 'મીટીંગ' છે, 'રીડિંગ પ્રમાણે.

પાના નં. ૨૦૮ પર 'કેરિયર' ભવ વહન કરનાર વ્યક્તિ કે સાધન તથા 'કેરિયર' કારકિર્દી આપેલ છે. કારકિર્દી માટે 'કરિયર' આવે તો વધારે સાચું રહે તેવું ડૉ. રાઠોડનું માનવું છે. આ સાથે જોડણી કોશમાં ગુજરાતી શબ્દોમાં વ્યંજનાંત કે હલંત શબ્દોમાં ઘણી બધી જગ્યાએ ભૂલો રહી ગઈ છે. દા.ત. પાના નં. ૪૦૦ પર જગદંબા (જગત+અંબા) આવેલ છે. ખરેખર (જગત્+અંબા) જોઈએ. આ પાના પર આવી કુલ ૧૩ ભૂલો જોવા મળે છે. પાના નં. ૫૩૦ પર દિગંત (દિગ+અંત) આપેલ છે. ખરેખર (દિગ્+અંત કે દિક્+અંત) જોઈએ. આ પાના પર ચાર ભૂલો છે.

પાના નં. ૯૭૩ પર શરદિંદુ (શરદ+ઈંદુ) અને શરદેંદુ (શરદ+ઈંદુ) આપેલ છે. ખરેખર બંને જગ્યાએ શરદ્ કે શરત્ જોઈએ.

પાના નં. ૧૦૧૭ પર 'સર્વોપરીતા' આપેલ છે. સાચી જોડણી 'સર્વોપરિતા છે. ડૉ. રાઠોડે સાર્થ જોડણીકોશને અપડેટ કરવામાં આવે તેવી અભિલાષા વ્યક્ત કરી છે.

## સેકટર-૩૦ મુકિતધામના પાર્કિંગમાંથી બાઈક ચોરાયું

ગાંધીનગર નજીક પીંડારડા ગામે રબારી વાસ ખાતે રહેતા વાઘુભાઈ મફતભાઈ દેસાઈ પોતાના પરીવાર સાથે રહે છે અને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરે છે. પીંડારડા ગામથી સવારે વાઘુભાઈ રોજ વાંચન તેમજ તૈયારી માટે ગાંધીનગર બાઈક નં. જી.જે.૧૮. ડી.ઈ.-૦૦૧૪ લઈને આવે છે. ત્યારે ગત તા.૧૭ના રોજ વાઘુભાઈ રબારી સવારે સાડા આઠ વાગે મુકિતધામની લાયબ્રેરી ખાતે વાંચન માટે આવ્યા હતા. ત્યારબાદ ૪ વાગે ચા પીવા માટે નીચે ઉતર્યા હતા. તે સમયે જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેથી વાઘુભાઈએ આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. જેથી કોઈ ભુલમાં લઈ ગયું હશે અને મુકી જશે તેમ માનીને રાહ જોઈ હતી. પરંતુ આજદિન સુધી બાઈક નહી મળી આવતા વાઘુભાઈએ રૂ.૩૦ હજારના બાઈક ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.



**પીડિત સગીરાના પરિવારની કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરે મુલાકાત લીધી**

તાજેતરમાં ગાંધીનગરના અમરાપુર ગામે સાબરમતી નદીના કોતરોમાં એક સગીરાનું ગળુ કાપી હત્યાનો પ્રયાસ થયો હતો. ઈજાગ્રસ્ત સગીરાની સારવાર ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ચાલી રહી છે. ત્યારે પીડિત સગીરા અને તેના પરિવારની પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોર સહિત કોંગ્રેસના હોદ્દેદારોએ મુલાકાત લીધી હતી. પીડિત દિકરીના પરિવારની મુલાકાત દરમિયાન હૃદય કંપાવી દે તેવી વાતો સામે આવી હતી. દિકરીના ગળામાં ધારદાર હથીયાર વડે માર મારીને હત્યાનો પ્રયાસ કર્યો હતો. દત્તક લીધેલી દિકરીના કાકા રડી પડ્યા હતા. જ્યારે એમની બીજી દિકરીએ રડતા-રડતા કહ્યું કે મારી દીદી પર આવું થયું તો મારે પણ ભણવુ નથી. દોષિતોને સજા નહી થાય ત્યાં સુધી દિકરીનો પરિવાર અન્નનો દાણો નહીં ખાય. ત્યારે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખે ભાજપ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે ભાજપ સરકારના રાજમાં તહોમતદારો બેફામ બન્યા છે. બહેન-દિકરીઓની આબરૂ સાથે ખિલવાડ કરી રહ્યા છે. ત્યારે ભાજપ સરકાર આવા તત્વો સામે કેમ ચુપ બેઠી છે, કેમ કોઈ ગુનેગારોને પોલીસનો કે સરકારનો ડર રહ્યો નથી.

## કુડાસણ પાટીયા પાસે કાર ચાલકે સાયકલ ચાલકને અડફેટે લેતા ઈજાગ્રસ્ત

કુડાસણ કડીયાકામ કરીને સાયકલ લઈને પરત ફરતા શ્રમિકની સાયકલને ગાડીવાળાએ અડફેટે લેતા સાયકલ ચાલકને શરીરે મુઢમાર તેમજ ફ્રેકચર થતા સારવાર માટે લઈ જવાયા હતા.જયારે અશોક ઠાકોરે ગાડી ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

કુડાસણ ઉર્જાનગર-૧ ની બાજુમાં ઓરડીમાં અશોક ઠાકોર પોતાના પરિવાર સાથે રહે છે અને પશુપાલન તેમજ છુટક મજુરી કરીને જીવનનું ગુજરાન ચલાવે છે. ત્યારે અશોક ઠાકોરના પિતા કુડાસણ ખાતે કડીયા કામ કરીને સાંજના સુમારે પરત ફરી રહ્યા હતા તે સમયે કોબા-શાહપુર સર્કલ તરફના મુખ્ય માર્ગ પર કુડાસણ પાટીયા પાસે ડીવાઈડર ગેપ પાસે સાયકલ ચાલકને ગાડી નં. જી.જે.૦૧.એચ.પી.૨૩૨૩ ગાડીવાળાએ અડફેટે લેતા ઈજા પહોંચી હતી. બનાવ અંગે અશોક ઠાકોરે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં સ્પોર્ટસ ડે ની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૧

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા બે દિવસીય સ્પોર્ટસ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે મોતીસિંહ અટોદરિયા, ડિરેક્ટર ઓફ ફિઝિકલ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ ગવર્મેન્ટ કોમર્સ કોલેજ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને સ્પોર્ટસ પ્રત્યે જાગૃતિ લાવવા માટે સ્પોર્ટસમેન સ્પીરીટથી રમવા પ્રતિજ્ઞા લેવડાવી હતી. વિદ્યાર્થીઓએ કબડ્ડી, બેડમિન્ટન, વોલીબોલ, મ્યુઝિકલ ચેર, દોડ, સોર્ટ વગેરેમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમ મહેન્દ્રસિંહ વાઘેલા, પ્રિન્સિપાલ ડૉ. રાજી ડેનિસ તથા કોલેજના પ્રોફેસરોની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

# સેક્ટર-૧૨ બગીચા ખાતે યુવકને હાથમાં છરી મારતા ઈજા પહોંચી

**સામાજીક પ્રશ્ને બે પરિવારો એકઠા થયા હતા**

ગાંધીનગર,તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટર-૧૨ ના બગીચા ખાતે સામાજીક પ્રશ્ને સમાધાન માટે બે પરિવારના સભ્યો એકઠા થયા હતા. તે સમયે કૌટુંબીક જીજાજી અને તેમના ભાઈએ ગાળા-ગાળી કરીને તુ વચ્ચે કેમ બોલે છે તેમ કહી યુવકને હાથના ભાગે છરી મારતા મામલો પોલીસ મથકે પહોચ્યો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૪ ખાતે રહેતો જીગર ખેંગારભાઈ રાઠોડ પોતાના પરિવાર સાથે રહે છે અને છુટક મજુરી કરી ગુજરાન ચલાવે છે. જીગર તેના કાકા સોમાભાઈ અને કાકી ભગવતી બેન અને તેમની દિકરી હિના અને તેની સાસરી પક્ષના સભ્યોમાં તેણીનો પતિ શૈલેષ રેવાભાઈ વાઘેલા અને દિયર નિલેશ વાઘેલા અને અન્ય સગાઓ સેકટર-૧૨ બગીચા ખાતે એકઠા થયા હતા. તે સમયે સમાધાનની વાત ચાલુ હતી તે સમયે હીનાના પતિ શૈલેષે જણાવ્યું કે હિનાને અમે તેડી જવાના નથી, જેથી જીગરના પિતાએ સમાજના રીવાજ મુજબ દંડ ભરીને સ્ટેમ્પ પેપર પર લખાણ આપી દો તેમ કહ્યું હતું. જેને પગલે શૈલેષ અને નિલેશ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને જેમ ફાવેતેમ બોલવા લાગ્યા હતા. જેથી જીગરે ગાળો બોલવાની ના પાડતા નિલેશ વાઘેલાએ તુ વચ્ચે કેમ બોલે છે તેમ કહી છરી ડાબા હાથની હથેળીમાં મારી હતી. જેથી હોબાળો વધી જતા આસપાસના નાગરીકો એકઠા થઈ ગયા હતા.જયારે જતા જતા બંને જણા દંડ ભરવાની વાત કરી છે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી ગયા હતા. જયારે ઈજાગ્રસ્તને સારવાર માટે લઈ જવાતા ટાંકા લેવા પડ્યા હતા.જયારે જીગર રાઠોડે ફરીયાદ નોંધાવતા પોલીસે બે ભાઈઓ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સિવીલમાંથી એક્ટીવાની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં વાહનચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. શહેરના સેકટરો તેમજ ભીડભાડવાળા વિસ્તારમાંથી આંતરે દિવસે વાહનચોરીના કિસ્સા સામે આવે છે. ત્યારે શહેરની સિવિલ હોસ્પિટલ વાહનચોર ટોળકી માટે મુખ્ય પસંદગીનું સ્થળ બની ગયું છે. સિવિલ હોસ્પિટલના તાત્કાલીક વિભાગની સામે પાર્કિંગમાંથી એકટીવાની ઉઠાંતરી થવા પામી છે. સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ આદરી છે.

# ફાઈવ-જી, આઈઓટી અને બ્લોકચેઈન અંગે ગાંધીનગરના પ્રાધ્યાપકની પેટન્ટ

ગાંધીનગર તા.૨૧

ગાંધીનગરના ભાટ ખાતેની શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના પ્રાધ્યાપક દ્વારા ફાઈવ-જી, આઈઓટી અને બ્લોકચેઈન પર પેટન્ટ કરવામાં આવી છે જે થકી સરકારના સ્માર્ટ સિટી અને સ્માર્ટ કમ્યુનિકેશન પ્રોજેકટને એક નવો આયામ મળશે. આવનાર સમયને ધ્યાનમાં રાખી અને ટેકનોલોજીમાં હરણફાળ ભરી રહેલા આપણા દેશમાં આ પ્રકારના સંશોધન અને પેટન્ટ દ્વારા આપણે ફાઈવ-જી નેટવર્ક, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ અને બ્લોકચેઈન જેવા વિષય પર સંશોધન થવું એ જરૂરી જણાંતા સ્વામિનારાયણ એન્જિનિયરિંગ કોલેજના કમ્પ્યુટર એન્જિનિયરિંગ વિભાગના વડા ડો. વિજય ગઢવી દ્વારા આ બાબતે સંશોધન કરી અને ભારત સરકારના પેટન્ટ વિભાગમાં આ સંશોધન રજિસ્ટર કરાવ્યું હતું. આ પેટન્ટને ઓફિસ ઓફ ધ કંટ્રોલર જનરલ ઓફ પેટન્ર્સ ડિઝાઈન એન્ડ ટરેડમાં ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પોલિસી એન્ડ પ્રમોશન મિનિસ્ટ્રી ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ભારત સરકાર દ્વારા પ્રમાણિત કરવામાં આવી છે.